આર.ટી.ઈ. એક્ટ, ૨૦૦૯ અને આર.ટી.ઇ રૂલ્સ -૨૦૧૨ નો રાજયની ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં અમલવારી કરવા માટે પ્રાથમિક શિક્ષકની કુલ ૧૪૦૦ જગ્યા અને મુખ્ય શિક્ષકની કુલ ૪૨૩ જગ્યા ભરાયેથી તેઓના પગાર ભથ્થા ચુકવવા માટે અનુદાનિત પ્રાથમિક શાળાઓને અનુદાન રૂપે ફાળવવા અંગે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે થયેલ જોગવાઇ મુજબની રકમનો ખર્ચ કરવા અંગેની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- ED/MIS/e-file/3/2024/4565/CH

સચિવાલય, ગાંધીનગર

**<u>વંચાણે લીધા</u>-**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા.૧૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ક-ગ્રાન્ટ/ન.બા./૨૦૨૫/૬૧૫૮-૬૧૫૯.

**<u>પ્રસ્તાવના :-</u>**

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇ અનુસાર ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષક અને મુખ્ય શિક્ષકની જગ્યા ભરવા માટે કુલ ૧૪૦૦ જગ્યા શિક્ષક અને કુલ ૪૨૩ મુખ્ય શિક્ષકની જગ્યાઓ પ્રવર્તમાન ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાત અને અન્ય જે જોગવાઇઓ થયેલ છે તેને ધ્યાને લઇ તે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોની કેન્દ્રીયકૃત ધોરણે નિયામક પ્રાથમિક શિક્ષણના અધ્યક્ષતા હેઠળ રચાયેલ ભરતી સમિતિ દ્વારા નિયત ભરતી પ્રક્રિયા અનુસરી ઉમેદવારોની પસંદગી કરી ખાનગી અનુદાનિત શાળાઓને નિમણૂંક માટે ફાળવવા

અગેની કાર્યવાહી હાથ ધરી જગ્યા ભરાયેથી તેઓના પગાર-ભથ્થા ચુકવવા માટે આ ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓને અનુદાન રૂપે ફાળવવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં રૂ.૭૨.૬૧ કરોડની જોગવાઇ માંગણી ક્રમાંક- ૦૯, મુખ્ય સદર-૨૨૦૨(સામાન્ય શિક્ષણ), ૦૧,૧૦૬,૦૬ થી કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ નવી બાબતની જોગવાઇ અનુસાર ખર્ચ કરવા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૨ થી વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ઼:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નીચેના કોષ્ટકની વિગતે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકની કુલ ૧૪૦૦ જગ્યા અને મુખ્ય શિક્ષકની કુલ ૪૨૩ જગ્યા ભરાયેથી તેઓને પગાર-ભથ્થાં પેટે થનાર ખર્ચને ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓને અનુદાન રૂપે ચુકવવા માટેની રકમનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | બજેટ સદર | રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંક- ૦૯, મુખ્ય સદર-૨૨૦૨(સામાન્ય શિક્ષણ), ૦૧,૧૦૬,૦૬ | રૂ. ૭૨.૬૧/- (અંકે રૂપિયા બોતેર કરોડ એક્સઠ લાખ) |

**શરતો:**

(૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૨) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણાં વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૩) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૪) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૫) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૬) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણાં વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણાં વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૧) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીની તા.૨૫/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ચૌધરી)

સેકશન અધિકારી,

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર-સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં-સલાહકારશ્રી(શિક્ષણ), નાણાં-વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૨, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Rameshbhai Chaudhari
Section Officer
Date:2025.04.03
17:11:50 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign